નીચના વાક્યો કયા તપ કે તેના પેટાભેદના છે તેનું નામ લખો : ૪

ખ) (કયા તપનો ભેદ છે ? ફક્ત તપનું નામ લખો કે પેટાભેદનું પણ નામ લખો.

(૧) શ્રુતજ્ઞાનની ભક્તિ-બહુમાન કરવા.
(૨) રાતવાસી ઠંડો આહાર લે.
(૩) હલકા પ્રકારના ચણા-વાલ આદિનો આહાર કરે.
(૪) નવી દીક્ષા આપી સૌથી નાનો બનાવે.
(૫) થૂંકવું નહીં
(૬) શરીરના મમત્વનો ત્યાગ કરો.
(૭) માસખમણ કરે.
(૮) અનુપેક્ષા કરે

ગ) નીચેના ભેદોની ફક્ત સંખ્યા લખો : ૩

(૧) તપના કુલ ભેદ
(૨) પ્રાયશ્ચિત તપના ભેદ
(૩) ચારિત્ર વિનયના ભેદ
(૪) વૃતિ સંક્ષેપના ભેદ
(૫) ધ્યાન તપના ભેદ
(૬) ઇત્વરિક અનશન તપના ભેદ

પ્ર. : ૪. સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો : (૧૦)

ક) નીચેની સવાલોના જવાબ આપો :

(૧) પંચ પરમેષ્ઠીના પાંચ પદમાં સાધુ-સાધ્વી-કેવળી-સિમંધરસ્વામી અને મહાવીરસ્વામીનો સમાવેશ કયા કયા પદમાં થાય ? ૧
(૨) બાર વ્રતમાં અણુવ્રત-ગુણવ્રત અને શિક્ષાવ્રત કેટલા ? ફક્ત સંખ્યા લખો. ૧
(૩) નિગ્રંથ પ્રવચન કોને કહે છે ? ૧
(૪) કેટલું આયુષ્ય હોય તો કેવળજ્ઞાન થઈ શકે ? અને કેવળી ભગવાનનું ચારિત્ર કયું ? ૧
(૫) સંપૂર્ણ વર્ષમાં દેવસિય, રાઈય પ્રતિક્રમણ કેટલા ? ૧

ગ) અર્થ લખો : ૨

(૧) ચેઇયં (૨) અભિહુઆ (૩) ઉવ્વટ્ટણં વિહિં (૪) તિ કટ્ટુ

ઘ) માગધી લખો : ૩

(૧) ભલી રીતે (૨) યાવત્ મોક્ષે પહોંચેલાઓને (૩) ક્ષમા કરજો .

પ્ર. : ૫. ભક્તામરના આધારે જવાબ લખો : (૧૫)

ક) નીચેની કડીઓ ભાવાર્થ સાથે પૂર્ણ કરો :

(૧) ચિત્રં કિમત્ર ..................... કદાચિત ૩
(૨) જ્ઞાનં. ........................... કુલેડપિ ૩
(૩) ત્વામવ્યયં ...................... સન્તઃ ૩

ખ) નીચેનાની ગાથા તથા ભાવાર્થ બંને લખો :

(૧) વિષ્ણુ - શંકર આદિ દેવોને જોયા તે સારું જ થયું. ૩
(૨) ત્રણેય જગતના ઉપમાનોને આપે સંપૂર્ણપણે જીતી લીધા છે. ૩

અ થ વા

પ્ર. : ૬. ધર્મકથાના આધારે જવાબ લખો : (૧૫)

ક) નીચેના જવાબ લખો :

(૧) પોતાના શત્રુ કોણ છે ? તેને કેવી રીતે જીતાય ? ૨
(૨) ભગવાને ચાર મહાવ્રત અને પાંચ મહાવ્રત રૂપ ધર્મ કઈ અપેક્ષાએ કરેલ છે ? ૨
(૩) ભવ તૃષ્ણારૂપી લતા કેવી છે અને તે નષ્ટ કઈ રીતે કરી શકાય ? ૨
(૪) મન રૂપી ઘોડાને વશમાં કેમ રખાય ? ૨
(૫) કેશી ગૌતમ સંવાદ કયા સૂત્રનો કેટલામો અધ્યયન છે ? ૨

ખ) એક વાક્યમાં જવાબ આપો :

(૧) રાગ-દ્વેષના બંધનને કઈ રીતે જીતાય ? ૧
(૨) કષાય અગ્નિને બાળનાર કોણ ? ૧
(૩) ઉન્માર્ગેથી સન્માર્ગે જવાનો માર્ગ કયો ? ૧
(૪) જન્મ-જરા-મૃત્યુને જીતનાર દ્વીપ કયો ? ૧
(૫) અજ્ઞાન અંધકારનો નાશ કરનાર સૂર્ય કોણ ? ૧

# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત : માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા (સામખીયારીવાળા)
ધાર્મિક શિક્ષણ બોર્ડ આયોજિત વાર્ષિક પરીક્ષા **જૈનશાળા/મહિલામંડળનું પેપર**
તા. ૨૩-૦૮-૨૦૧૫ ● સમયઃ બપોરે ૨ થી ૫ ● શ્રેણી : **૧૪** ● ગુણ : ૧૦૦
**(Dharmik Shikshan Board Certificate Course Level : 14)**

પ્ર. : ૧. પુચ્છિસ્સુણંને આધારે જવાબ લખો : (૩૦)

ક) નીચેની ગાથાઓ ભાવાર્થ સાથે લખો : ૧૫

(૧) દાણાણ (૨) અણુતરગ્ગં (૩) સોચ્ચાય (૪) બેયન્ને સે (૫) કિરિયાકિરિયં

ખ) નીચેના માગધીના અર્થ લખો : ૫

(૧) સદ્દહણા (૨) વિસોહઈતા (૩) અગારિણો (૪) પગાસે (૫) મહિંદા (૬) થણિયં
(૭) ખત્તીણ (૮) ન કારવેઈ (૯) દીહરાયં (૧૦) ઉવહાણવં

ગ) નીચેના પ્રશ્નોના જવાબ આપો :

(૧) શ્રી મહાવીરસ્વામિ જાતિ-યશ-દર્શન-જ્ઞાન અને શીલે સર્વોત્તમ હતા તે ગાથા ભાવાર્થ સાથે લખો. ૩

(૨) શ્રી સુધર્માસ્વામિને શ્રી જંબુસ્વામિએ શું પૂછ્યું ? તે પ્રથમ ગાથા ભાવાર્થ સાથે લખો. ૩

(૩) પર્વતોમાં સર્વશ્રેષ્ટ કોણ છે ? પક્ષીઓમાં શ્રેષ્ઠ કોણ છે ? ૧

(૪) ભગવાને કયા ચાર અધ્યાત્મ દોષોનો ત્યાગ કર્યો ? ૧

(૫) પાંખડીના સ્થાન કયા કયા છે ? નામ લખો. ૨

પ્ર. : ૨. કાયસ્થિતિને આધારે જવાબ આપો. (૩૦)

ક) નીચેના બોલની જઘન્ય-ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લખો : ૧૦

(૧) બાદર નિગોદ (૨) સકષાયી (૩) સ્ત્રીવેદ (૪) મનયોગ (૫) ઉપશમ સમકિત
(૬) વિભંગ જ્ઞાન (૭) સૂક્ષ્મ સંપરાય ચારિત્ર (૮) અણાહારી છદ્મસ્થ (૯) કાળ
(૧૦) અસંજ્ઞી

ખ) નીચેના બોલની સમજણ સાથે કાયસ્થિતિ લખો : ૧૦

(૧) મનુષ્ય (૨) ત્રસકાય (૩) શુક્લ લેશ્યા (૪) અચક્ષુદર્શન (૫) પર્યાપ્ત.

ગ) નીચેના સવાલના જવાબ આપો :

(૧) કાયસ્થિતિના દ્વાર બતાવતી બીજી ગાથા લખો. ૨

(૨) વનસ્પતિકાળની વ્યાખ્યા લખો. ૨

(૩) સઇન્દ્રિયપણું કેટલા ગુણસ્થાન સુધી હોય ? ૧

ઘ) જોડકાં જોડો : ૫

| અ | બ |
|---|---|
| અજ્ઞાની | શ્રાવક |
| કાય પરિત | સાધુ |
| ચરમ | ભવીજીવ |
| સંયતા સંયત | પ્રત્યેક શરીરી |
| સામયિક ચારિત્ર | અભવી જીવ |

પ્ર. : ૩. બાર તપના આધારે જવાબ લખો : (૧૫)

ક) નીચેના જવાબ લખો :

(૧) આભ્યંતર તપ એટલે શું ? તે કેટલા છે ? તેના નામ લાખો. ૨

(૨) ભાવ ઉણોદરી કેટલા પ્રકારે થાય ? તેના નામ લખો. ૨

(૩) વૈયાવચ્ચ એટલે શું ? તેના ભેદ કેટલા ? પ્રથમ પાંચના નામ લખો. ૨

(૪) કષાય પ્રતિસંલીનતાના કયા કયા ભેદ છે ? તેને નિષ્ફળ કરવા શું કરવું ? ૨

(પાછળ જુઓ)